# ઘર વપરાશના વિજ કનેકશનનો કોમર્શિયલ ઉપયોગ..!

## ધોળાકુવાની ઓરડીમાંથી વિજ કનેકશન લઈ એક કિલોમીટર દુર હોટલ ધમધમે છે

ગાંધીનગર, તા.૨૧

ટોરેન્ટના વિજબીલનો ભાર સામાન્ય પ્રજા સહન કરી શકતી નથી. કેટલાક નાગરીકો વિજ ચોરી કરી આધુનિક ઉપકરણો વાપરે છે. તો બીજીતરફ પાટનગરના ના પાદરે આવેલા ધોળાકુવા ખાતે એક ઓરડીમાં ઘર વપરાશના વિજ કનેકશનમાંથી એક કિલોમીટર દુર ખેતરમાં ઉભી કરાયેલી ગેરકાયદેસર નોનવેજની હોટલ ધમધમતી છે. કોઈ જાગૃત નાગરીકે આ અંગે ટોરેન્ટ પાવરનું ધ્યાન દોરતા આજે ટોરેન્ટ પાવરના અધિકારીઓએ જાત તપાસ કરી હતી અને આ વિજ કનેકશનમાંથી કોમર્શીયલ ઉપયોગ થતો હોવાની પણ સામે આવ્યું હતું. ત્યારે ટોરેન્ટ તંત્ર દ્વારા આગામી સમયમાં આ વિજ કનેકશન ધારક સામે શુ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તે જોવું રહ્યું..?

રાજયના પાટનગરમાં ઝુંપડા વસાહતમાં રહેતા શ્રમિકોના બાળકો સ્ટ્રીટ લાઈટના અજવાળે અભ્યાસ કરતા હોવાના દ્રશ્યો પણ ઘણી વખત આંખ સામે આવે છે. શ્રમિક પરિવારોના ઝુંપડા કે છાપરામાં બારેમાસ અંધારુ હોય છે. આવા સંજોગોમાં શહેરની દુકાનો, ઘરોમાં ઝગમગતી રોશનીનું અજવાળુ પણ ગરીબોને નસીબ થતુ નથી. બીજીતરફ શહેરી વિસ્તારમાં ગેરકાયેદસર રીતે વિજ જોડાણ મેળવી કોમર્શીયલ ઉપયોગ કરીને વિજ કંપનીને મોટું આર્થિક નુકશાન પહોંચાડતા તત્વો પણ બેફામ બન્યા છે. ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા ધોળાકુવા ગામ ખાતે આવેલી એક ઓરડીનું વિજ કનેકશનમાંથી લાઈટ છેક એક કિલોમીટર દુર ખેતરમાં ધમધમતી ગેરકાયદેસર હોટલમાં આપવામાં આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી આ લાઈટના અજવાળે આ હોટલ ઝગમગી રહી છે. ઘર વપરાશની લાઈટનો ઉપયોગ કોમર્શીયલમાં કરવામાં આવી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આ લાઈટ ધારક સામે શું કાયેદસરની કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું રહ્યું..





## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આપણાં ઘરે લક્ષ્મી આવે માટે દિવડા પ્રગટાવવીએ છીએ... તારા આ ચાઈનીઝ દિવાથી તો લક્ષ્મી ચાઈના જતી રહેશે...

## ગાંધીનગર જિલ્લા ક્રાઈસીસ ગ્રૃપની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા ઓફસાઈટ ઈમરજન્સી પ્લાન અન્વયે આજરોજ ડિસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રૃપની બેઠક જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, કુદરતી અને માનવસર્જિત આફતો કયારે સર્જાતી હોય છે, તેની કોઈને ખબર હોતી નથી. પરંતુ આવી ઘટના નિર્માણ થાય ત્યારે શું શું તકેદારી રાખવી તેના માટે પ્રિ-ઈમરજન્સી બેઠક ખૂબ જ મહત્વની છે. આવી બેઠક થકી જયારે આવી ઘટના બને છે, ત્યારે સંબધિત કચેરીની શું જવાબદારી છે, તેની તેને ખબર હોય છે. એમોનિયા, કલોરિન અને એલ.પી.જી. જેવી ફેકટરીના કર્મચારીઓને અચાનક ઘટના બને તે સમયે શું કરવું તેની માહિતી હોવી ખૂબ જ જરૂરી છે. તે ઉપરાંત સ્થાનિક કક્ષાએ શરૂઆતમાં ઘટના સ્થળે સરકારી તંત્રના અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવવાના હોય છે. જેથી તેમને કંઈ કંઈ ઘટના બને ત્યારે શું પ્રાથમિક કરવું જોઈએ તે અંગેની જાગૃતિ આવે તે ખૂબ જરૂરી છે. તેની સાથે ફેકટરી નજીકના ગામોના ગ્રામજનો અને સરપંચોને આવી ઘટના દરમ્યાન શું કરવું તેની જાગૃતિ આવે તેવી સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટે કંપનીઓને સાથે રાખીને યોગ્ય માહિતી મળી રહે તે પ્રકારની જાગૃતિ કેમ્પ યોજવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક એમ.કે. રાણા, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોંલકી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### વડનગર મેડીકલ કોલેજમાં આગામી સમયમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન હોવાથી

## ગાંધીનગર કોલેજમાંથી ૨૫ અધ્યાપકોની બદલી વડનગર થતાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત વડનગર મેડીકલ કોલેજમાં આગામી સમયમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન આવવાની તૈયારીઓ છે. જેને પગલે સોસાયટી દ્વારા વિવિધ કોલેજમાંથી ૨૫ અધ્યાપકોની બદલી વડનગર ખાતે કરી દેવામાં આવી છે. જેમાં ગાંધીનગરના ૧૧ અધ્યાપકોની બદલી વડનગર ખાતે કરવામાં આવી છે. ત્યારે સોસાયટી દ્વારા વારંવાર અધ્યાપકોની બદલીને પગલે મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ પર ઉંડી અસર પડે છે.

રાજયની તમામ જીએમઈઆરએસ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં ડોકટર્સની ઘટ છે. ડોકટરની ઘટને પગલે દર્દીઓ અને વિદ્યાર્થીઓની હાલત ખરાબ થઈ રહી છે. મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન લાખો રૂપીયાની ફી ભરે છે,પરંતુ પ્રોફેસરના અભાવે લેકચર ન લેવાતા વિદ્યાર્થીઓનું ભણતર બગડે છે. મેડીકલ કોલેજના માપદંડની ચકાસણી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ની ટીમ દ્વારા કરવામાં આવે છે. ટીમ ઈન્સ્પેકશનમાં આવે ત્યારે પુરતો સ્ટાફ, દર્દીઓ સહિત હોસ્પિટલમાં સુવિધા, સ્વચ્છતા, હોસ્પિટલનું સ્ટ્રકચર, દર્દીઓને મળતી સારવારની પણ નોંધ લેવાય છે. પરંતુ જીએમઈઆરએસ મેડીકલ કોલેજમાં પુરતો પ્રોફેસરનો સ્ટાફ ન હોવાથી જે મેડીકલ કોલેજમાં એમસીઆઈની ટીમ આવવાની હોય તે સ્થળે ડોકટરોની બદલી કરીને ફોજ ખડી કરી દેવામાં આવે છે. ત્યારે મેડીકલ સોસાયટી દ્વારા ૨૫ ડોકટરની બદલી કરાઈ છે, જેમાં ગાંધીનગરના ૧૧, પાટણના ૩, વલસાડના ૪, અમદાવાદની સોલા હોસ્પિટલમાંથી ૫, અને હિંમતનગર કોલેજમાંથી ૨ પ્રોફેસરની બદલી કરાઈ છે. જયારે થોડા સમય પહેલા હિંમતનગર ખાતે એમસીઆઈની ટીમ ઈન્સ્પેકશન માટે આવવાની હતી તે સમયે પણ મેડીકલ સોસાયટી દ્વારા અંદાજીત ૯૦ ડોકટરની બદલી કરાઈ હતી. જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજમાંથી એનેસ્થેસીયા વિભાગમાંથી સહ પ્રાધ્યાપક ડો.રચના ગાંધી, ઓર્થોપેડીક વિભાગમાંથી સહપ્રાધ્યાપક ડો.મિતુલ મિસ્ત્રી,ડેન્ટીસ્ટ્રીમાંથી ડો. પ્રિતી અગરવાલ, પી.એસ.એમ.માંથી પ્રાધ્યાપક ડો.જીગ્નેશ ચૌહાણ, સહ પ્રાધ્યાપક ડો.મલ્લિકા ચાવડા, અને મદદનીશ પ્રાધ્યાપક ડો. જયપ્રકાશ મકવાણાનો સમાવેશ થાય છે. જયારે પીડીયાટ્રીકમાંથી પ્રાધ્યાપક ડો. હિમાંશુ જોષી, બાયોકેમેસ્ટ્રીમાંથી ટયુટર ડો.રોનક રાવલ માઈક્રોબાયોલોજી ટયુટર ડો.પંકિત પંચાલ, મેડીસીનમાંથી ડો.ગૌરાંગ રાઠોડ અને સર્જરી વિભાગમાંથી મદદનીશ પ્રાધ્યાપક ડો.,મૃગેશ ચુડાસમાનો સમાવેશ થાય છે.

## શહેરના ખ અને ગ માર્ગ પર ટ્રાફિક સિગ્નલ નાખવાની કામગીરીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં વાહનોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. શહેરના માર્ગો વાહનોની વધતી જતી સંખ્યાને પગલે ખ અને ગ માર્ગ પર પણ ટ્રાફિક સિગ્નલ નાંખવાની કામગીરી પુરજોશમાં શરુ કરાઈ છે. સ્માર્ટસીટી પ્રોજેકટ અંતર્ગત આ સિગ્નલ લગાડવાની કામગીરી ચાલી રહી છે. ટ્રાફિક સિગ્નલને લઈ વધુ માહિતી આપતા શહેરના ટ્રાફિક પીઆઈ મનીષા પુવારે જણાવ્યું હતું કે ગ માર્ગ પર ગ-૨,ગ-૩, ગ-૫, અને ગ-૬ ખાતે તેમજ ખ માર્ગ પર ખ-૪, ખ-૫ અને ખ-૬ ખાતે ટ્રાફિકના સિગ્નલ ઉભા કરવામાં આવશે.ટ્રાફિક સિગ્નલની કામગીરી નિહાળતા દિવાળી બાદ આ સિગ્નલો શરુ થાય તેવા એંધાણા વર્તાઈ રહ્યા છે.ટ્રાફિક સિગ્નલની કામગીરી પુરી થઈ ગયા પછી તબક્કાવાર તેમા સીસીટીવી સર્વેલન્સ પણ ગોઠવાશે. જેમાં આગામી સમયે ટ્રાફિકના નિયમો તોડતા વાહન ચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે હવે ટુંક સમયમાં ખ અને ગ માર્ગ પરથી ટ્રાફિક નિયમો તોડીને પસાર થતા વાહન ચાલકને ઈ-મેમો આપવામાં આવશે તેમ વિચારણા હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.શહેરમાં ટ્રાફિક વધતા ચ અને ઘ માર્ગ પર સિગ્નલ લગાડવામાં આવ્યા છે. જેમાં ઘ-૨ થી ઘ-૬ સુધી તેમજ ચ-૨ અને ચ-૩, ચ-૫, ચ-૬ સહિત જિલ્લા પંચાયત ખાતે ટ્રાફિક સિગ્નલ ચાલુ હાલતમાં છે. જયાં સીસીટીવી સર્વેલન્સની મદદથી ઈ-મેમો પણ જનરેટ કરવામાં આવશે.

### વરસાદની બદલાતી પેટર્ન અને વોટર સ્ટોરેજના લીધે

# શહેરમાં ડેન્ગ્યુનો રોગચાળો વકર્યો

### સાનુકુળ પ્લેસના અભાવે મેલેરિયાના મચ્છરોનો ઉપદ્રવ અટકયો : એડિસ મચ્છરોને વારસામાં જ ચેપ મળે છે : ડેન્ગયુના રોગચાળાને અંકુશમાં લેવા અસરકારક પગલા અનિવાર્ય

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ડેન્ગયુના રોગચાળાએ અજગરભરડો લીધો છે. શહેરના સેકટરોમાં ઘરે ઘરે ડેન્ગયુના દર્દીઓ જોવા મળી રહ્યા છે. વરસાદની બદલાયેલી પેટર્ન સાથે મચ્છરોની ઉત્તપ્તિ માટે યોગ્ય પસંદગીના સ્થળ મળી રહેવાની સાથે વરસાદી પાણીના સ્ટોરેજના લીધે ડેન્ગયુના એડિસ ચેપી મચ્છરોએ રોગચાળાને બળ મળ્યુ હોવાનુ તારણ પણ સામે આવી રહ્યુ છે. જયારે મેલેરિયાના દર્દીઓની સંખ્યા નહીંવત છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોના અંતે ડેન્ગયુના રોગચાળાએ અજગર ભરડો લીધો છે. સેકટરોમાં લગભગ ઘરે ઘરે ડેન્ગયુના દર્દીઓ જોવા મળી રહ્યા છે. વરસાદી દિવસોમાં ઠેર ઠેર પાણીના ભરાવાના લીધે હરિયાળા ગાંધીનગરમાં એડિસ મચ્છરો માટે ફેવરબેલ વાતાવરણ રહેતા ડેન્ગયુનો રોગચાળો ફુલ્યો ફાલ્યો છે. મચ્છરો માટે પણ મોસમનો આ નઝારો આર્શીવાદરૂપ સાબિત થયો છે. મચ્થરજન્ય રોગચાળાએ ગાંધીનગરમાં અડીંગો જમાવ્યો છે. ડેન્ગયુ મેલેરીયાન મચ્છરો માટે સામાન્ય રીતે ૧૬ થી ૩૬ ડીગ્રીનુ તાપમાન સાનુકુળ રહે છે. જયારે વરસાદી ઋતુના અંતે શહેરમાં મોસમનો મિજાજ પણ આ તાપમાન સાથે સુસંગત છે. આ તાપમાન વચ્ચે મચ્છરોનો ઉછેર વિશેષ થાય છે. એક ચમચી ચોખ્ખા પાણીમાં પણ ડેન્ગયુના મચ્છરોની ઉત્તપ્તિ માટે સાનુકુળતા મળે છે. આવા સંજોગોમાં આ વર્ષે વરસાદની બદલાયેલી પેટર્ન પણ ડેન્ગયુના રોગચાળા માટે જવાબદાર બની છે. ચોમાસાની શરૂઆતમાં વરસાદ ન આવ્યો અને બાદમાં ધોધમાર વરસાદ પડયો પાછોતરા વરસાદના લીધે પણ જન આરોગ્ય અને ખેતપાકો સામે ખતરો મંડરાયો છે. પાણી સ્ટોર કરવા સહીત ડેન્ગયુના અડિસ મચ્છરો માટે ફેવરેબલ પ્લેસ ગણાંતા નાની જગ્યાઓ ,નાના પાત્રોમાં વરસાદી પાણી ભરાતા એડિસ મચ્છરોને મોકળુ મેદાન મળ્યુ છે. જેના વરસાદની બદલાતી પેટર્ન વચ્ચે પાણીના સ્ટોરેજ અને એડિસ મચ્છરો માટે ફેવરબેલ ગણાંતા પ્લેસ પર વરસાદી પાણીની ઉપલ્બિધથી મચ્છરોના ઉત્તપ્તિ સ્થાનો પણ વધ્યા છે. આ ઉપરાંત ડેન્ગયુના પોરા ત્રણ વર્ષ સુધી જીવંત રહી શકે જે પાત્ર કે સ્થળે ઘસાઈ કરીને સફાઈ ન થઈ હોય તે જગ્યાએ મચ્છરોનો ઉપદ્રવ ગમે ત્યારે વરસાદી પાણીના સંપર્કથી થઈ શકે તેમ હોવાથી મચ્છરોનો ત્રાસ વધ્યો છે. જયારે ચેપી એડિસ મચ્છરો વારસામાં પણ ચેપ આપે છે. શહેરમાં ડેન્ગયુની સાપેક્ષમાં આ વર્ષે મેલેરિયાના દર્દીઓની સંખ્યા નહીંવત હોવાનુ પણ ધ્યાનો આવ્યુ છે. વરસાદ ધોધમાર આવ્યો અને ખાડા ખાબોચિયા લાંબા સમય સુધી ભરાયેલા ન રહેતા મેલેરિયાના મચ્છરોનો ઉપદ્રવ પ્રમાણમાં અંકુશમાં રહ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત મેલેરિયા ફેલાવતા મચ્છરોને ગમતી જગ્યા ન મળતા મચ્છરોનો ઉપદ્રવ પણ ઓછો છે. રાજયમાં અંદાજિત મેલેરિયાના દર્દીઓમાં આ સિઝન દરમિયાન ૬૦ ટકા જેટલો ઘટાડો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે .બીજીતરફ ડેન્ગયુએ જનઆરોગ્યને ગિરફતમાં લીધુ છે.

# આંજી નાંખે તે આંજણા ડૉ. કેશુભાઈ દેસાઈ

### ડો. માસુંગ ચૌધરી સંપાદિત પુસ્તક ''આપણે આંજણા''ના વિમોચન પ્રસંગે પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ, અજય ઉમટ, ડો. હર્ષદ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૭માં ચૌધરી કેમ્પસ ખાતે ગુજરાતી ભાષાના યુવા લેખક-



પત્રકાર ડૉ. માસુંગ ચૌધરી સંપાદિત ''આપણે આંજણા'' પુસ્તકનું તા. ૧૯મી ઓક્ટોબરે વિમોચન કરાયું હતું. આ પ્રસંગે પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ, જાણીતા પત્રકાર તંત્રી અજય ઉમટ, આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

''ડૉ. માસુંગ ચૌધરી સુખ-દુ:ખમાં સ્થિતિપ્રજ્ઞ રહી શકે છે'' તેવું જણાવતા જાણીતા લેખક પદ્મશ્રી દેવેન્દ્ર પટેલે રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવન પરિવર્તન પાછળ રસ્કિનના પુસ્તક ''અન ટુ ધી લાસ્ટ''નો ફાળો હોવાનું જણાવ્યુ હતુ. અજય ઉમટે આંજણા સમાજ ઉઝબેકિસ્તાનથી ભારતમાં આવ્યાં હોવાના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં આંજણા સમાજે આપેલા મુર્ધન્ય સાહિત્યકારો જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પન્નાલાલ પટેલ અને રઘુવીર ચૌધરીને યુવાપેઢીએ વાંચવા જોઈએ તેવી હિમાયત કરી હતી. આ પ્રસંગે ડૉ. કેશુભાઈ દેસાઈએ ''આંજી નાંખે તે આંજણા'' તેવી વ્યાખ્યા આંજણા સમાજ માટે કરવા સાથે આંજણા સમાજને પરીશ્રમી પ્રજા ગણાવી હતી. પુસ્તકના સંપાદક ડૉ. માસુંગ ચૌધરીએ પોતે તૃણ સમાન રહી તોફાનો સામે ટકી રહે છે તેવુ જણાવતા શુભેચ્છકો-મિત્રોનો આભાર માન્યો હતો. કાર્યક્રમમાં વીરજીભાઈ જુડાલ, કનુભાઈ ચૌધરી, ગિરીશ રઢુકિયા, ચિરાગ પટેલ, હરિભાઈ ચૌધરી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતુ.




## બી.સી.એ. કોલેજમાં ''પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ'' પર સેમિનાર

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્લાસ્ટિકના કચરાના વ્યસ્થાપન અંગે જાગૃતિ માટેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે નિસર્ગ કમ્યૂનિટી સાઈન્સ સેન્ટરના ડો. અનિલ પટેલે પોતાના વ્યકતવ્યમાં જણાવ્યુ હતું કે પ્લાસ્ટિક માનવજાત માટે જેટલું ઉપયોગી છે તેટલું જ પર્યાવરણ માટે હાનિકારક છે. તેના બેફામ વપરાશને કારણે દરિયાઈ જીવ શ્રુષ્ટિ અને જમીન પરના પ્રાણીઓને પણ પારાવાર નુકશાન થાય છે અને આથી જ ભારતમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સેમિનારમાં કોલેજના ૧૨૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પ્લાસ્ટિક મુક્ત ભારત કરવા માટે પોતાનું યોગદાન આપવાના શપથ લીધા હતા. આ સેમિનારનું આયોજન પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. બીજલ પરમાર, પ્રો. શ્વેતા વ્યાસ અને ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## સૌનો સાથ, સૌનો વિકાસ માટે ટેકનોલોજી જરૂરી બની : મોદી

અમદાવાદ, તા.૨૧

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે બ્રિજિટલ નેશન નામનાં પુસ્તકનું લોકાર્પણ કર્યુ હતું અને એની પ્રથમ નકલ જાણીતા ઉદ્યોગપતિ શ્રી રતન ટાટાને અર્પણ કરી હતી. આ લોકાર્પણ કાર્યક્રમ આજે ૭, લોક કલ્યાણ માર્ગ, નવી દિલ્હી ખાતે યોજાયો હતો. આ પુસ્તક શ્રી એન ચંદ્રશેખરન અને શ્રીમતી રુપા પુરુષોત્તમે લખ્યું છે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ટેકનોલોજી એ સૌનો સાથ, સૌનો વિકાસ સૂત્રને સાર્થક કરવા અને હાંસલ કરવા માટે સેતુ રૂપ બની રહેશે. વડાપ્રધાને વિઝનરી બુક લખવા બદલ લેખકોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, તેમના લખાણમાં સકારાત્મકતા અને આશાવાદ છે તથા ટેકનોલોજીનાં મહત્ત્વ વિશે ઊંડી જાણકારી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ પુસ્તક એવા સમયે પ્રકાશિત થયું છે, જયારે ટેકનોલોજી લાખો ભારતીયોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. વડાપ્રધાને એ સમજણ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે, ટેકનોલોજી સેતુરૂપ છે, નહીં કે વિભાજનકારક. ટેકનોલોજી આકાંક્ષા અને સફળતા, માગ અને પુરવઠો, સરકાર અને શાસન વચ્ચે સેતુનું નિર્માણ કરે છે, જેથી સૌનો સાથ, સૌનો વિકાસ હાંસલ થાય. ઝડપથી વિકસતાં આંકાક્ષી ભારત માટે સકારાત્મકતા, રચનાત્મકતા અને વિધેયાત્મક માનસિકતા આવશ્યકતા છે. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને માનવીય ઈરાદાઓ વચ્ચે સેતરૂપ બનવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**ટચુકડી**

જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેર નિવિદા

નગરપાલિકા ધાનેરા વિસ્તારમાં આવેલ મામાબાપજી ગાર્ડનમાં બાળકોને રમવા માટેના સાધનો જેવા કે, નિસરણી, ચીચવો, ડબ્બા ગાડી, અન્ય પણ વિવિધ પ્રકારના સાધનો સપ્લાય કરતા સપ્લાયરો પાસેથી સાધન વાઈઝ નંગ-૧ (એક) ફીટીંગ કરવા સુધીનો ભાવ, પોતાના લેટરપેડ પર લખીને બંધ કવરમાં રજી.પો.એ.ડી.થી તા. ૨૫/૧૦/૨૦૧૯ના બપોરે ૪.૦૦ વાગ્યા સુધી નગરપાલિકા કચેરી, ધાનેરાએ મોકલી આપવાના રહેશે. મુદત બહાર આવેલ ભાવો માન્ય રહેશે નહીં. કવર ઉપર ગાર્ડનના સાધનોના ભાવ તેવું લખવાનું રહેશે.

સ્થળ : ધાનેરા — તા. ૧૮/૧૦/૨૦૧૯

| એસ. એમ. અન્સારી | ઝરીનાબેન એમ. શેખ | વસંતીબેન વી. ગલચર | યુસુફખાન એમ. બેલીમ |
|---|---|---|---|
| મુખ્ય અધિકારી | ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા ધાનેરા | બાગ બગીચા સમિતિ | નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા |

## અટક બદલેલ છે

હું બારોટ કુલદીપ પ્રદ્યુમનભાઈ આથી જાહેર કરું છું કે, મેં મારું નામ રાવ કુલદીપ પ્રદ્યુમનભાઈમાંથી બદલીને બારોટ કુલદીપ પ્રદ્યુમનભાઈ કરેલ છે. જે બંને નામની વ્યક્તિ એક જ છે.

**નિવાસસ્થાન**
બારોટ કુલદીપ પ્રદ્યુમનભાઈ
HQ/135 M,
BN. CRPF Campus
લેકાવાડા, ગાંધીનગર